# પાલનપુર સિવિલ હોસ્પિટલમાં વેતન મામલે કામદારો હડતાલના માર્ગે

## અપુરતું વેતન અને શોષણ અંગે કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

પાલનપુર સિવિલ હોસ્પિટલના ખાનગીકરણ બાદ નિતનવા વિવાદો સામે આવી રહ્યા છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા કામદારોને ખાનગી કોન્ટ્રાકટર દ્રારા લઘુતમ વેતન ચૂકવવામાં ન આવતા સહિત થતા શોષણ સામે અવાજ ઉઠાવતા સિવિલ હોસ્પિટલના ૮૦ જેટલા કામદારોએ હડતાલનો માર્ગ અખત્યાર કર્યો છે. હડતાળીયા કામદારોએ મેનેજમેન્ટની જો-હુકમી સામે પગલાં ભરવા માટે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવતા હોસ્પિટલ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી.

પાલનપુરની સરકારી સિવિલ હોસ્પિટલનું ખાનગીકરણ થયા બાદ ખાનગી મૅનેજમૅન્ટના વહીવટને લઈ સીવીલ હોસ્પિટલ રોજ-બેરોજ વિવાદોમાં સપડાઈ રહી છે. જેમાં સીવીલમાં વર્ષોથી ફરજ બજાવતા સફાઈ કામદારોને પૂરતું વેતન ચૂકવવા માં ના આવતા તેમજ યેનકેન પ્રકારે હેરાનગતિ અને નોકરીમાંથી છુટ્ટા કરી દેવાની ધમકી આપવામાં આવતા અગાઉ પણ સફાઈ કામદારો એ હડતાલ પાડી હતી.

જે બાદ પણ છેલ્લા દસ-પંદર વર્ષથી ફરજ બજાવતા સફાઈ કામદારો, વોર્ડબોય,સ્વીપર, આયાબેનો અને વર્ગ-૪ના કર્મચારીઓને હોસ્પિટલ ના ખાનગી મેનેજમેન્ટના કોન્ટ્રાકટર દ્રારા નજીવું વેતન ચૂકવવામાં આવતા તેમજ રજાઓ કાપીને તેમને ઈમરજન્સીના સમયે રજા માંગવા જતા તેમને ફરજ માંથી છૂટા કરી દેવાની ધમકી આપવામાં આવતા સફાઈ કામદારોની હાલત કફોડી બની જવા પામી છે.

જોકે, નિર્ધારિત વેતન નક્કી કર્યા બાદ મામુલી વેતન ચૂકવી થતું શોષણ સહીત કામદારો સાથે કોન્ટ્રાક્ટર અને સુપરવાઈઝર દ્વારા અપશબ્દો બોલીને તેમને નોકરીમાંથી છૂટા કરી દેવાની ધમકી આપવામાં આવતા આખરે સિવિલના ૮૦ જેટલા કામદારોએ આજે કોન્ટ્રાક્ટની જોહુકમી સામે હડતાલ પાડી હતી. અને ન્યાય માટે જિલ્લા કલેક્ટરની કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં કોન્ટ્રાકટરની જોહુકમી દૂર કરવા તેમજ નિયમીત લઘુતમ વેતન ચુકવવા સહિતની માંગણીઓ સંતોષવાની માંગ સાથે ન્યાયની ગુહાર લગાવી હતી.



### વડગામ તલાટી મંડળના પ્રમુખનુ સ્વેચ્છાએ રાજીનામું

વડગામ તલાટી કમ મંત્રી મંડળના પૂર્વ પ્રમુખ વિરજીભાઈ ચૌધરીએ સ્વેચ્છાએ રાજીનામું આપતા નવા પ્રમુખ તરીકે તરીકે બસુ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી વિજયભાઈ ચૌધરીની વડગામ તાલુકા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેને લઈ વડગામ ટીડીઓ એ.એચ.પરમાર, જિલ્લા તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ અને છાપી પંચાયતના તલાટી મહેશભાઈ ચૌધરી, વિરજીભાઈ ચૌધરી, (રજોસણા ગ્રા.પં) મહેન્દ્રભાઈ કે. આસેડિયા (વડગામ ગ્રા.પં) સહિત તમામ તલાટીઓએ ફૂલ હાર પહેરાવી શાલ ઓઢાડી વિજયભાઈનું સન્માન કર્યુ હતું. જેને લઈ સમગ્ર તલાટી મંડળમાં હર્ષની લાગણી ફેલાઈ જવા પામી હતી. પૂર્વ તલાટી કમ મંડળના પ્રમુખ વિરજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે મેં સતત બે વર્ષ કરતાં વધુ સમય તલાટી કમ મંત્રી મંડળના પ્રમુખ તરીકે નો ચાર્જ સંભાળ્યો હતો અને હર એક સમયે તલાટીઓના હીત માટે મેં વિવિધ કાર્યો કર્યા છે અને મેં સ્વેચ્છાએ રાજીનામું આપ્યું છે અને તમામ ગ્રામ પંચાયતના તલાટીઓ દ્વારા નવા પ્રમુખ તરીકે વીજયભાઈની નિમણૂક કરી છે.

# ધાનેરા નગરપાલિકા દ્વારા કચરો ભરવાના ટ્રેકટરો આવતા હોવા છતાં લોકો કચરો બહાર ફેંકી રહ્યા છે

## કચરો બહાર ફેંકતા રહીશો પર કાયદેસરની કાર્યવાહી થવી જરૂરી જ છે

ભારતમાં સ્વચ્છતા અભિયાન માટે દરેક નગરપાલિકામાં કચરા માટે ટ્રેક્ટરો ફાળવેલો હોય છે ત્યારે ધાનેરામાં અનેક સોસાયટીઓમાં ટ્રેક્ટર તેમજ છોટાહાથી ટેમ્પો જતા હોય છે પરંતુ અમુક રહીશો આ કચરાને બહાર ફેંકતા જોવા મળે છે જેના કારણે આ કચરો ગંદકીની સ્વરૂપ લઈને લોકોને બિમારીનો ભોગ બનવુ પડતુ હોય છે આ બાબતે શિવશક્તિ વિશ્વકર્મા સોસાયટી વોર્ડ નંબર-૫ માં કચરાનાં ઢગલાના થર જોવા મળી રહ્યા છે નગરપાલિકા એ બનાવેલા પાણીના બોર પાસે



રોડ ઉપર કચરાના ઢગ જોવા મળી રહ્યા છે અને સુભાષ રોડ વિસ્તારના અમુક રહીશો આ કચરો નાખી રહ્યા છે તેવુ જાણવા આવેલ છે. સુભાષ રોડ પર રહેતા નગરપાલિકા સદસ્ય રહેતા હોવા છતાં પણ તેઓ ધ્યાન આપતા નથી અને તેમના ઘરના જ વ્યક્તિઓ કચરો નાખતા જોવા મળ્યા હતા બાબતે નગરપાલિકાએ બહાર કચરો નાખતા રહીશો ની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરી દંડ કરવા આ વિસ્તારનાં લોકો ની માંગ છે સોસાયટી અને ગામની સ્વચ્છતા રાખવી એ નાગરિકનો ધર્મ છે પરંતુ અહીંના રહીશો જ્યા સુધી નગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી અથવા દંડ વસૂલ કરવામાં આવે તો તાકીદે નગરપાલિકા આપેલ સુવિધાઓનો અનાદર કરતા રહીશો પર કાર્યવાહી થાય તેવી આ વિસ્તારના લોકોની માંગ છે.



## પાલનપુરના જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડ માટે લાગી લાંબી કતારો

પાલનપુરના જનસેવા કેન્દ્રમાં આધારકાર્ડ માટે લાંબી કતારો લાગતા લોકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી હતી. પાલનપુરના જનસેવા કેન્દ્રમાં છેલ્લા દસ દિવસથી લાંબી કતારો જોવા મળી રહી છે. ત્યારે આજેપણ આધારકાર્ડ માટે લાંબી લાઈનો લાગી હતી. અનેકવાર રજૂઆત કરવા છતાં પણ બીજું કોમ્પ્યુટર મુકાયું નથી. જેથી લોકોને વહેલા આવી ત્યારબાદ બેસી રહેવું પડે છે. અધિકારીઓને રજૂઆત કરવા છતાં પણ હજુ સુધી બીજું કમ્પ્યૂટર વસાવવામાં આવ્યું નથી. જેથી એક દિવસમાં ૪૦ આધારકાર્ડ નીકળે છે. જેને પગલે લોકોને ભારે હેરાનગતિ નો ભોગ બનવું પડે છે. જેથી લોકોએ તંત્ર સામે ફિટકારની લાગણી વરસાવી હતી.



## વાંકાનેર ગામના સીમ વિસ્તારમાંથી ૧૨ ફુટ લાંબો અજગર ઝડપાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંકાનેર ગામના સીમ વિસ્તારમાંથી ૧૨ ફુટ લાંબો અજગર વન વિભાગના અધિકારીઓ ધ્વારા ઝડપાયો હતો.અજગરને સલામત રીતે નિર્જન જંગલ વિસ્તારમાં છોડી દેવાયો હતો. ખેડુતો, પશુપાલકો, શ્રમજીવીઓ અને પ્રજાજનોએ હાશકારો અનુભવ્યો હતો. એક તરફ વરસાદ ખેંચાયો છે ત્યારે ખેડુતો ચિંતિત છે. અષાઢ માસ દરમ્યાન અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા ગરમીના માહોલ વચ્ચે અબાલ, વૃધ્ધ, પશુ-પંખીઓ, સરીસૃપ પ્રાણીઓ, વન્ય જીવો હેરાન પરેશાન થઈ રહ્યા છે. જમીનની અંદર દર (બખોલ) બનાવી વસવાટ કરતા જીવજંતુઓ અને વન્ય જીવો અસહ્ય ગરમી અને બાફના લીધે ફરતા હોવાના કારણે પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

# પાલનપુર સિવિલ હોસ્પિટલ બાબતે ગલબાભાઈ ટ્રસ્ટનો ખુલાસો અને સાચી માહિતી

પાલનપુર, તા. ૧૮

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત પાલનપુર સિવિલ હોસ્પિટલ બાબતે કેટલાક માધ્યમોમાં રોજમદાર-કામદારોની હડતાલ બાબતે ગલબાભાઈ ટ્રસ્ટનો ખુલાસો અને સાચી માહિતી આ પ્રમાણે છે. જ્યારથી આ સિવિલ હોસ્પિટલનું સંચાલન બનાસ ડેરી પ્રેરિત ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ટ્રસ્ટે સાંભળ્યું છે ત્યારથી સહકારની મૂળ ભાવનામાંની એક એવી સૌને લાભકારી સંસ્થાનું સર્જન અને તે થકી દર્દીઓને સારામાં સારી સ્વાસ્થ્ય સેવા આપવાનું લક્ષ્ય સિદ્ધ કરવા જરૂરી તમામ હકારાત્મક ફેરફાર કરવામાં વ્યવસ્થાપક મંડળે કદી પાછી પાની કરેલ નથી. આમ કરવામાં પ્રત્યેક કર્મચારી કોન્ટ્રાકટકામદારનાં હિત પણ હંમેશા ધ્યાને લીધેલ છે.

જેના પરીણામે છેલ્લા ૧ વર્ષમાં લાભાર્થી દર્દીઓની સંખ્યા ૧,૫૭,૩૪૮ થી વધીને ૨,૨૭,૮૪૯ થઈ છે. દર્દીઓમાં થયેલ આ વૃદ્ધિ દર્શાવે છે કે સ્થાનિકસ્તરે નાગરીકોમાં પાલનપુર સિવિલ ખાતે આવેલા હકારાત્મક ફેરફાર બાદ ઉપલબ્ધ તબીબી સેવાઓ પ્રત્યે વિશ્વાસમાં વધારો થયો છે. આ ઉપરાંત હોસ્પિટલ બેડની સંખ્યામાં ૬૦ ટકાનો વધારો થવો, અગાઉ માત્ર ૧ ઓપરેશન થિયેટરની હતું તેમાં ૪ નવા આધુનિક ઓપરેશન થિયેટર ઉમેરાતાં ૫ ઓપરેશન થિયેટરની સુવિધાની ઉપલબ્ધતા, નવજાત શિશુના મૃત્યુમાં ઘટાડો, ગ્રામ્ય વિસ્તારમાં કરવામાં આવતા સેવા કેમ્પ જેવા અનેકવિધ કારણોથી બનાસકાંઠાનાં નાગરિકોમાં સિવિલ હોસ્પિટલ પ્રત્યેનું માન વધ્યું છે.

માધ્યમો અને સોશીયલ મિડીયામાં જે વ્યક્તિઓને છુટા કરવામાં આવ્યાની વાત કરેલ છે તે વ્યક્તિઓ પાલનપુર સિવિલના નહીં પરંતુ ટેન્ડર પ્રક્રિયા બાદ જે-તે કાર્ય સોંપણી કરાયેલ કોન્ટ્રાક્ટરના હંગામી રોજમદાર કામદારો હતા. વધુમાં જ્યારે અમુક તત્વો દ્વારા દર્દીઓને હેરાનગતિ થાય, સંતોષકારક કામગીરી ના હોય, ગેરશિસ્ત કે દાદાગીરીભર્યૂ અણછાજતું વર્તન કરવામાં આવતું હોય, ખાનગી હોસ્પિટલ સાથે સાંઠ-ગાંઠ ધરાવવા જેવી વિવિધ બાબતોની જાણ થાય ત્યારે આવા તત્વો વિરૂદ્ધ કોન્ટ્રાકટર દ્વારા પગલા ભરવામાં આવતાં હોય છે. આ પ્રક્રિયા સાથે સંસ્થા અને વ્યવસ્થાપક મંડળને કોઈ લેવા દેવા નથી, તેમ છતાં સંસ્થા અને ગરીબ દર્દીઓના લાંબાગાળાના હિતને ધ્યાને લઈ તમામ જરૂરી પગલાં સંચાલક મંડળ લેશે તેવી અહીં ખાતરી પણ આપવામાં આવી છે.

## ભેરૂંડા હાઈસ્કૂલમાં શિક્ષણવિદ રસિકલાલ આર. વાળંદે આચાર્ય તરીકે પદભાર સંભાળ્યો

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ભેરૂંડા ગામની ભેરૂંડા હાઈસ્કૂલમાં નવા આચાર્ય તરીકે રસીકલાલ આર. વાળંદે પદભાર સંભાળ્યો હતો. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની માધ્યમિક, ઉ.મા.શાળાઓમાં ખાલી પડેલ આચાર્યોની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયાના ભાગરૂપે અરવલ્લી જિલ્લામાં પણ આચાર્યોની ખાલી જગ્યાઓ ભરવાની પ્રક્રિયા દરમિયાન મોડાસાના ભેરૂંડા હાઈસ્કૂલમાં "ગાંધીનગર સમાચાર"ના "લાગણીનો મેળો"ના કોલમિસ્ટ અને જાણીતા શિક્ષણવિદ રસીકલાલ આર. વાળંદે આચાર્ય તરીકેની પદભાર સંભાળતા કેળવણી મંડળના પ્રમુખ રાજેન્દ્રકુમાર પી. પટેલે તેમને આવકારીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે મંડળના મંત્રી, અન્ય હોદ્દેદારો, વાલીઓ, નાગરિકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નવનિયુક્ત આચાર્યને આવકારીને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.



## પાલનપુર રેલવે પોલીસને ટ્રેનમાં મળેલ બિનવારસી બેગ અને રોકડ રકમ મુસાફરને પરત કરી

પાલનપુરમાં રેલવે સ્ટેશન પર જમ્મુ તાવી ટ્રેનમાં બિનવારસી બેગ રેલવે પોલીસને મળી હતી બેગ મળી જે ફાલના ના સજીવ કટારી ની હતી તેઓ કાશ્મીર પ્રવાસ બાદ પરત ફરી રહ્યા હતા ત્યારે



રેલવે પોલીસે ટ્રેન માં તપાસ દરમિયાન બિનવારસી બેગની મળતા તપાસ હાથ ધરી હતી જો કે આ બિનવારસી બેગ રેલવે મુસાફરી હોવાનું માલુમ પડતા ગુજરાત રેલવે પોલીસે હાશકારો અનુભવો હતો જમ્મુ તાવી એસી કોચ માં આ બિનવારસી હાલતમાં રાજેસ્થાનના ફાલના સ્ટેશન પર આ પરિવાર ઉતરી ગયો હતો જો કે પાલનપુરમાં રલેવે સ્ટેશન પર રેલવે પોલીસ ટ્રેન માંથી આ બિનવારસી હાલત માં મળેલી બેગ ને ગઈકાલે મૂળ માલિક પરત કરી હતી આ બેગ માં રોકડ રકમ સહિત કપડાં ભરેલા હતા.

## પડતર માંગણીઓ લઈને રાષ્ટ્રીય શૈક્ષણિક સંઘ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું

રાષ્ટ્રીય શૈક્ષિક સંઘ દ્વારા શિક્ષકોની પડતર માંગણીઓને લઈને બનાસકાંઠા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ રતુભાઈ બનાસકાંઠા આચાર્ય સંઘના સંયોજક ભગવાનભાઈ વ્યાસ, માધ્યમિક વિભાગના સંયોજક પ્રવીણભાઈ ત્રિવેદી, મંત્રી બળદેવભાઈ જોશી, હાયર વિભાગના સંયોજક નરેશભાઈ જોશી તેમજ મંત્રી હરદેવભાઈ જોશી સહિતના હોદેદારોએ કલેકટર તેમજ ડીઈઓ ને શિક્ષકો ની પડતર માંગોને લઈને આવેદનપત્ર પાઠવ્યું હતું. જેમાં સ્વતંત્ર માધ્યમિક શિક્ષણની રચના કેન્દ્ર અને રાજ્ય સ્તર પર કરવામાં આવે, જ્ઢૈના ૧૦% કેન્દ્ર સરકાર પોતાના બજેટમાં ૩૦ ટકા શિક્ષણ ઉપર ખર્ચ કરવા નું નક્કી કરે, કેન્દ્રીય શિક્ષકોને આપવામાં આવતા સાતમા પગાર પંચના આધાર ઉપર તમામ રાજ્યોના શિક્ષકોને વેતન અને ભથ્થા આપવામાં આવે તથા છઠ્ઠા પગાર પંચ અને સાતમા પગાર પંચ માં રહેલી વિસંગતતા અને દૂર કરવામાં આવે, નવી પેન્શન યોજના બંધ કરીને જૂની પેન્શન યોજના ફરીથી ચાલુ કરવામાં આવે તેમજ તમામ ફેકલ્ટી ના પૂર્ણકાલીન શિક્ષકોની ભરતી કરવી જેવી વગેરે માંગો સાથે કલેકટર તેમજ શિક્ષણ અધિકારી ને રજુઆત કરાઈ હતી.

# વડગામના આંબેડકર નગરમાં જાહેર શૌચાલય બન્યા ખંડેર

## કલેકટરની ગ્રાન્ટના નાણાનો કરાયો દુરઉપયોગ : સ્થાનિક રહીશો દ્વારા આ વિસ્તારમાં શૌચાલય ન બનાવવા રજુઆત કરવા છતાં વહિવટીતંત્રના કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટરે મનમાની ચલાવી

વડગામના આંબેડકર નગરમાં કલેકટરની ગ્રાન્ટમાંથી બનાવેલ જાહેર શૌચાલય ખંડેર



હાલતમાં બની ગયા છ. વડગામ તાલુકા પંચાયત ના કર્મચારી ઓ કોન્ટ્રાકટર અને જે-તે સમયના તલાટી સરપંચની ભાગ બટાઈમા કલેકટર ની ગ્રાન્ટ માંથી ફાળવવામાં આવેલ નાણાં નો દુર ઉપયોગ કરવામાં આવ્યો હોવાના ચોંકાવનારા આક્ષેપ ખુલ્લેઆમ સ્થાનિક રહીશો માં થઈ રહ્યા છે.

આંબેડકર નગરમાં વર્ષ ૨૦૧૩ માં પાણીના ટાંકા પાસે જાહેર શૌચાલય બનાવવા ની કામગીરી હાથ ધરાઈ હતી તે સમયે સ્થાનિક રહીશો એ શૌચાલય ન બનાવવા વિરોધ કરી અન્ય જગ્યાએ બનાવવા રજૂઆત કરતાં શૌચાલય ની કામગીરી સંપૂર્ણ બંધ રખાઈ હતી પાછળ થી વહીવટી તંત્ર ના જવાબદારો જે-તે સમયના સરપંચ તલાટી અને કોન્ટ્રાકટર ભેગા મળીને આંબેડકર નગર ના રહીશોને અંધારામાં રાખીને ૨૦૧૬ માં કલેકટર ની ગ્રાન્ટ માંથી જ શૌચાલય બનાવાયા પરંતુ શૌચાલય માં બનાવ્યા ના દિવસ થી આજ દિન સુધી પાણી ની કોઈ જ સગવડ ન કરાતાં શૌચાલય ખંડેર બની રહેવા પામ્યા છે અને લોકોને ઉપયોગ પણ આવ્યા નથી માત્ર કોન્ટ્રાકટર અને વહીવટી તંત્ર ના જવાબદારો ની બેલડી એ ભેગા મળી જઈને જિલ્લા સમાહર્તા ની ગ્રાન્ટ નો કોઈ પણ ભય વગર ભ્રષ્ટ્રાચાર આચરીને મોટાપાયે શૌચાલયમાં ગેરરીતિઓ કરાઈ હોવાના આક્ષેપ અરજદાર દ્વારા કરવામાં આવ્યા છે ત્યારે બનાસકાંઠા ના કલેકટર દ્વારા આ બાબતે તપાસ કરાવી ને પોતાની ગ્રાન્ટ નો કરાયેલ દુરુપયોગ ના નાણાં ની રીકવરી કરાવી કસૂરવારો ના કાન આમળવા માં ?આવે તેવી સ્થાનિક લોકો માંથી માંગ ઉઠવા પામી છે ત્યારે કલેકટર દ્વારા આંબેડકર ના શૌચાલય માં તપાસ કરાવાશે ખરા ?

# વડગામના પાણીયારી આશ્રમ નજીક જુગાર રમતાં છ જુગારીયા ઝડપાયા

વડગામ તાલુકાના પાણીયારી આશ્રમ નજીક જુગાર રમતાં મહેસાણા જિલ્લાના ચોટીયા ગામના છ જુગારીયાઓને વડગામ પોલીસે ઝડપી લીધા હતા. રૂ.૧૪૮૬૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મહેસાણા તાલુકાના ખેરાલુ તાલુકાના ડભોડાના જીતેન્દ્રજી ભીખાજી ડાભી, ચોટીયા ગામના અર્જુનજી છનાજી ઠાકોર, વિજયજી બદસંગજી ઠાકોર, સંજયજી પરબતજી ઠાકોર, કપુરજી કડવાજી ઠાકોર, સહદેવજી કાંતિજી ઠાકોરને ઝડપી લીધા હતા. રોકડ રૂ ૨૮૬૦, રૂ ૧૨,૦૦૦ના મોબાઈલ નંગ ૬ મળી કુલ રૂ ૧૪૮૬૦નો મુદ્દામાલ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.




## વડગામ બીઆરસી ભવન ખાતે ગુરૂ વંદના કાર્યક્રમ યોજાયો

બનાસકાઠા જિલ્લાના વડગામ તાલુકા મથકે આવેલા બીઆરસી ભવન ખાતે ગુરૂ પૂર્ણિમાના દિવસે ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી જી.એન.દેશમુખ અને ગજાનનભાઈ જોશી, અતિથિ વિશેષમાં પ્રાંત મહામંત્રી રતુભાઈ ગોળ, બિઆરસી કો. ઓડિનેટર મહેન્દ્રસિંહ બારડ, જિલ્લા મહામંત્રી ગણેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય વક્તા ગુરૂ વંદના વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું હતું. તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન તથા ધો ૧૦-૧૨માં ઉત્કૃષ્ટ પરિણામ મેળવનાર બાળકોનુ અભિવાદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિક્ષકગણ ઉપસ્થિતિ રહ્યા હતા. મહેમાનોનું શાબ્દિક સ્વાગત શૈક્ષણિક મહાસંઘના પ્રમુખ બાબુસિંહ રાણાએ કર્યું હતું અને કાર્યક્રમનું સફળ સંચાલન નીલેશભાઈ શ્રીમાળીએ કર્યું હતું.